# જળ સરક્ષણ ચર્ચા સભા

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. ૧૨/૦૬/૨૦૧૯ના રોજ ગૌતમ હોલમાં જળ સરક્ષણ ચર્ચા સભાનું આયોજન માન. કુલપતિશ્રી ડૉ. અમીબહેન ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને કરવામાં આવ્યું હતું. આ ચર્ચા સભામાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી, શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ હાજર રહ્યા હતા. યુનિવર્સિટી અર્થશાસ્ત્ર વિભાગના હેડ ડૉ. કૃતિ છાયા અને એક્ષટેન્શન એક્ટીવીટી દ્વારા પાણીની અછતની ગંભીરતાને ધ્યાને લઇ ઊભી થનારી સંભવિત ગંભીર સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા પાણીની અછતથી સર્જાનાર સમસ્યાઓ અને તેને કેવી રીતે બચાવી શકાય તેની સમજ પણ આપવામાં આવી હતી.. યુનિવર્સિટીમાં હાજર રહેલ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓ દ્વારા પાણી કેવી રીતે બચાવી શકાય તે વિશે ચર્ચા કરવામાં આવી હતી. ભવિષ્યમાં ઊભી થનાર ગંભીર સમસ્યા પાણીની અછત પર ચર્ચા કરી સૌ ખૂબ જ આનંદ અને હર્ષની લાગણી અનુભવી હતી.





(ડૉ. કૃતિબેન છાયા 'પાણી' વિષયક ગહન વિચાર રજૂ કરે છે.)



